# ટેક્સી-રિક્ષાચાલકોને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ અપાઈ

**આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા નાના પાયાના રોજગાર સાધનો દ્વારા રોજગારી રળતા લોકોમાં ઉદ્યોગસાહસિકતાના ગુણો કેળવાય તે માટે ટ્રેનિંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.**

સિટી રિપોર્ટર @ahm_cb

ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલા અન્ય બિઝનેસમાં વિકાસ થાય તે માટે ગુજરાત પ્રવાસન અને ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈઆઈ) દ્વારા કૌશલ્ય નિમાર્ણ અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેના અંતર્ગત ઈડીઆઈઆઈ ખાતે ખાણીપીણીના બિઝનેસ સાથે સંકળાયેલા 120 ઉદ્યોગસાહસિકો તેમજ 120 જેટલાં ટેક્સી અને રિક્ષા ડ્રાઈવરોને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ અપાઈ હતી. આ કાર્યક્રમમાં હસ્તકલા સાથે સંકળાયેલા અન્ય 59 કસબીઓને પણ સ્વતંત્ર બિઝનેસ સ્ટાર્ટઅપની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

ટ્રેનિંગ પ્રોગ્રામમાં ખાણીપીણીનો બિઝનેસ ઉભો કરવા માટે કેવી વ્યવસ્થા જોઈએ? જેવા વિવિધ સ્ટાર્ટઅપ પરના પ્રશ્નો પર ઉદ્યોગસાહસિકોને 1 દિવસની ટ્રેનિંગ એક્સપર્ટ્સ દ્વારા આપવામાં આવી હતી. ટ્રેનિંગમાં ઉદ્યોગસાહસિકોએ અમદાવાદના પ્રખ્યાત ખાણીપીણીની માર્કેટની મુલાકાત પણ લીધી હતી.

શહેરમાં રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરોને પ્રવાસીઓ સાથે કેવા પ્રકારનું વર્તન કરવું? કેવી રીતે વાતચીત કરવી? જેવી વિવિધ બાબતોની ટ્રેનિંગ અપાઈ હતી. ટ્રાફિકના નિમયોના પાલન સાથે કેવી રીતે ડ્રાઈવિંગ કરવુ? જેવી વિવિધ બાબતો પર 120 ડ્રાઈવરોને 10 દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી.



• સુનિલ શુક્લા, ડાયરેક્ટર, EDII

## ત્રણ વર્ષમાં ગુજરાતના પ્રવાસનમાં પાંચ ગણો વધારો

ઈડીઆઈઆઈના ડાયરેક્ટ સુનિલ શુક્લાએ પ્રવાસન ઉદ્યોગ વિશે વાત કરતા કહ્યું કે 'છેલ્લા ત્રણ વર્ષમાં ગુંજરાતમાં પ્રવાસનમાં પાચ ગણો વધારો થયો છે. ગુજરાત રાજસ્થાન બાદ સૌથી વધુ પર્યટકોને ગમી રહ્યુ છે. જે જોતા પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા વિવિધ ક્ષેત્રોને ગુણવત્તા સભર બનાવવા ખૂબ જરૂરી બની જાય છે.